# ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રકારો

રક્ષા જે. દવે
રીસર્ચ સ્કોલર, ડીપાર્ટમેન્ટ ઓફ લો, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ

**ફોજદારી ન્યાય પ્રણાલી એ એક સામાજિક સંસ્થા છે. એક સામાજિક સંસ્થાના સ્વરૂપમાં કાયદા અને વ્યવસ્થા માટે ફોજદારી ન્યાય પ્રણાલી પોલીસ, અદાલત અને સ્થાનિક સ્તરને આધિન છે. આ ફોજદારી ન્યાય પ્રણાલી ચલાવવાની રીત પ્રક્રિયાત્મક કાયદાઓ દ્વારા જણાવવામાં આવેલી છે. જે મુજબ સાચો, સમયસર, નિષ્પક્ષ અને માનવીય ધોરણો મુજબ ન્યાય મળવો જોઈએ. જે લોકો સાર્વજનિક સેવા આપવા ઈચ્છતા હોય તેમના માટે ફોજદારી ન્યાય પ્રણાલી ઈતિહાસ અને ભવિષ્યનાં શૈક્ષણિક અનુશાસનો જ છે, જેનું યોગ્ય અનુસરણ સમગ્ર ન્યાય પ્રણાલીને આદર્શરૂપ બનાવે છે. આ પધ્ધતિ અપરાધની વ્યાખ્યા નકકી કરવા, અપરાધ સંદર્ભે માહિતી એકત્રિકરણ અને ફોજદારી ન્યાય પ્રક્રિયાના વિકાસ માટે બનાવવામાં આવેલ છે.**

ભારતનું બંધારણ ભારતનાં નાગરિકોને અનુચ્છેદ–૧૯ હેઠળ વાણી અને અભિવ્યકિતની સ્વતંત્રતા આપે છે. જેમાં મૂકતપણે હરવા ફરવા, ધંધો વ્યવસાય કરવા, સ્થાયી થવા, મંડળી રચવા, હથિયાર વગર એકઠા થવા, સરઘસ કાઢવા અને હથિયાર વગર એકઠા થવા અંગેની સ્વતંત્રતા આપેલી છે. પરંતુ તેના પર કેટલાક નિયંત્રણો પણ મૂકવામાં આવ્યા છે, જેથી તેની કોઈ નકારાત્મક અસર ઉભી થાય નહી અને સમાજને કાનૂની રક્ષણ અને ન્યાય આપવા અંગે લોકશાહી દેશમાં ફોજદારી ન્યાય પ્રણાલી મહત્વનો ભાગ ભજવે છે. એક મોટા, વિવિધ અને જટીલ સમાજમાં કાયદા અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અધિકારોની સાથે સાથે તેના પર નિયંત્રણોની જરૂર હોય છે, જેના ઉલ્લંઘન બદલ ન્યાયિક પગલાઓ દ્વારા કાયદા અને વ્યવસ્થાને ભંગ કરનારને સજા અપાવી શકાય.

આ પ્રકારે બીજાને નૂકશાનકારક ન હોય તેવા સંજોગોમાં જ કાનૂની સ્વતંત્રતાની પરવાનગી આપવી જોઈએ. આ રીતે કાયદા, વ્યવસ્થા અને સ્વતંત્રતા વચ્ચે સંતુલન સાધવુ ઘણું જ અઘરૂ કાર્ય છે. નાગરિક સ્વતંત્રતાની જરૂરિયાત સાથે કાયદા અને વ્યવસ્થાની જરૂરિયાતને કેવી રીતે સંતુલીત કરવા જોઈએ આ પ્રશ્નનો જવાબ આપવા માટે ફોજદારી ન્યાય પ્રણાલી છે. મોટાભાગનાં લોકોને મિડીયા દ્વારા તો કેટલાક લોકોને અનુભવ દ્વારા આ પ્રણાલી થોડા ઘણાં અંશે સમજાય છે. આમ તો સમાચારપત્રો કે મિડીયા દ્વારા આપવામાં આવતી જાણકારી હંમેશા અધુરી હોય છે અને તેથી તેઓ ન્યાય પ્રણાલીની ખોટી રીતે રજુઆત કરતા હોય છે અને તેના પરિણામે ગેરસમજુતી ઉભી થાય છે.

આ સંશોધનનો ઉદેશ પણ અનેક સંસ્થાઓ અને લોકોને ખૂબજ જટિલ જણાતી ન્યાય પ્રણાલીનું અવલોકન, સમજણ અને માહિતી આપવાનો છે. ફોજદારી ન્યાય પ્રણાલીને સમજવા માટે તેના પ્રકાર, હેતુઓ, ઈતિહાસ અને વિવરણને સમજવા ખૂબજ જરૂરી છે.

આ સંશોધનમાં સંશોધકનો હેતુ વિશ્વની બે વિવિધ પ્રકારની ન્યાય પ્રણાલી કે જેને જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ (Inquisitorial Justice System ) અને વિરોધી ન્યાય પ્રણાલી (Adversarial

Justice System ) નાં નૈતિક નિર્ણયોની ચોકકસતાની સરખામણી કરવાનો છે. આ બંને ન્યાય પ્રણાલી સાચા નિર્ણય અને નિર્દોષને રક્ષણ આપવા ઉપર વધારે મહત્વ આપે છે. પરંતુ આ બંને પ્રણાલીમાં ન્યાયિક પ્રક્રિયા અંગે તફાવત જોવા મળે છે. દરેક ન્યાય પ્રણાલીને તેના ઐતિહાસિક દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલ છે. દરેક ન્યાય પ્રણાલી પાસે તેના ફાયદા અને ગેરફાયદા છે. તેથી સંશોધકે મુખ્યત્વે નિર્ણય–નિર્માતા વ્યવહાર (Decision Maker Behavior) નાં સકારાત્મક વિશ્લેષણ ઉપર ધ્યાન કેન્દ્રીત કરેલ છેઈ બંને પ્રણાલીઓમાં આખરી નિર્ણયની ચોકકસતા અને તેનાં મહત્વને ઓછુ કર્યા વગર જ બંને પ્રણાલીનાં ફાયદા અને ગેરફાયદાને આ સંશોધનમાં આવરી લેવામાં આવેલ છે. સંશોધકનાં વિશ્લેષણ માટે અને પ્રેરણાદાયક અભિગમ માટે ભારતની ન્યાય પ્રણાલીમાં સુધારા લાવવા કેટલે અંશે જરૂરી છે તે બાબત મહત્વની છે.

ફોજદારી ન્યાય પ્રણાલી દરેક વ્યકિતઓના વન સાથે જોડાયેલી છે. તે બંધારણ અને કાયદા દ્વારા આપવામાં આવેલ નાગરિક સ્વતંત્રતા અને અધિકારોનાં રક્ષણ માટે મહત્વની ભૂમિકા ભજવે છે. સમરૂપ સામાજિક વ્યવહારમાં હંમેશા પારિવારિક, ધાર્મિક કે સામાજિક નિયંત્રણો અનૌપચારિક સંસ્થાઓ દ્વારા લાદવામાં આવતા હોય છે, પરંતુ વિભિન્ન જન સંખ્યા અને વિવાહિત મૂલ્યોવાળા મોટા સમાજમાં પોલીસ, ન્યાયાલયો, કાયદા ઘડનાર જેવી ઔપચારિક સંસ્થાઓ દ્વારા નિયંત્રણો લાદવામાં આવતા હોય છે અને તે કાયદા – નિયમોનું નિયમન કરવામાં આવતુ હોય છે. આ સંસ્થાઓ દ્વારા લાદવામાં આવેલ નિયમો–નિયંત્રણોનું અમલીકરણ કરવા માટે જે પધ્ધતિ અપનાવવામાં આવે છે, તેને ન્યાયિક પ્રણાલી તરીકે ઓળખવામાં આવે છે.

પૃથ્વી પરનો દરેક માનવી સમાન અધિકારો ભોગવવા માટે હકકદાર છે અને તેથી જ તેના અધિકારોનાં સમાન રક્ષણ માટે ન્યાય પ્રણાલી મહત્વનો ભાગ ભજવે છે. વિશ્વનાં દરેક દેશની ન્યાય પ્રણાલી જુદી જુદી હોય છે, પરંતુ તેનો હેતુ સમાન હોય છે. છતાંપણ અમૂક દેશોની ન્યાય પ્રણાલી ઉપરથી લોકોનો વિશ્વાસ ક્રમશઃ ઘટતો જાય છે. જેમ કે, ભારત, ઈંગ્લેન્ડ વગેરે કોમનવેલ્થ દશોની વિરોધી ન્યાય પ્રણાલી (Adversarial Justice System) અને જર્મની, ઈટાલી, ફ્રાન્સ વગેરે દેશોની જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ (Inquisitorial Justice System) બંને ન્યાય પ્રણાલી સંપૂર્ણ જુદા જ પ્રકારની છે. જેને આ સંશોધનમાં ઉંડાણપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભારત દેશ અને કોમન લો કન્ટ્રીમાં જે ન્યાય પ્રણાલી અનુસરવામાં આવે છે તે " વિરોધી ન્યાય પ્રણાલી (Adversarial Justice System) " તરીકે ઓળખાય છે. જે બ્રિટીશ કોલોનીયલ રૂલ્સમાંથી વંશાગત કરવામાં આવેલ છે. આ પ્રણાલી કાનૂનની સર્વોચ્ચતાની વકાલત કરે છે અને પક્ષકારોમાં સમાનતાનો વ્યવહાર રાખે છે. આ પ્રણાલીમાં એક ચોકકસ સ્થિતીમાં ન્યાયધિશ ફુટબોલની રમતના રેફરીની જેમ જ તેની ભૂમિકા નિભાવે છે. તેથી જ બંને પક્ષકારોનું કાનૂની પ્રતિનિધિત્વ આ પ્રણાલીનો મૂખ્ય ભાગ છે. આ પ્રણાલીનો એ વિશ્વાસ છે કે જો બંને પક્ષકારો ન્યાયિક પ્રક્રિયાના નિયમોને યોગ્ય રીતે અનુસરે તો ન્યાયને સરળતાથી સુરક્ષિત કરી શકાય છે. ન્યાયધિશનો તટસ્થ વ્યવહાર ન્યાયની ભાવના અને પ્રક્રિયાની નિષ્પક્ષતાનો વધારો કરે છે. બચાવપક્ષને ચુપ્પીનો અધિકાર (Right to Silence) છે અને તેથી પ્રતિકુળ પરિસ્થિતીમાં પુરાવાઓ દબાવી પણ શકાય છે. જો કે આ પ્રણાલીમાં ન્યાયધિશ સ્પષ્ટ દેખાતી ખામીઓને સુધારવા અસમર્થ છે. જો તેને પક્ષકારો દ્વારા આપવામાં આવેલી માહિતીનું સમર્થન કરવામાં આવતુ નથી. આ સિવાય ફરીયાદપક્ષ મહેનતના અભાવે પુરતા પ્રયત્નો કરવાને સમર્થ હોવા છતાં અસમર્થ જણાય છે, જેથી આરોપી વિરૂધ્ધ પુરતા

પ્રમાણમાં સાક્ષીઓ મેળવવા કે પુરાવાઓ એકત્રિત કરવા માટે સક્ષમ થઈ શકતા નથી. આથી કેસ પતન તરફ આગળ વધે છે અને ન્યાય મળતો નથી અથવા ન્યાય મોડો, મોંઘો, જટિલ અને અશકય બને છે. પારંપારિક જ્ઞાનથી ખ્યાલ આવે છે કે બંને પક્ષકારોને મળતી માહિતીમાં વૃધ્ધિ થઈ રહી છે અને તેથી બચાવપક્ષ પાસે છટકબારીઓ વધી રહી છે, તેથી પિડીતને યોગ્ય ન્યાય મળતો નથી અને ઘણીવાર ખોટી ફરીયાદો થતી હોવાથી ન્યાય માટે પરિસ્થિતી અડચણરૂપ બની રહી છે. ન્યાયાલયોમાં કેસોનું ભારણ પણ સતત વધી રહયું છે અને આ ન્યાય પ્રણાલી પોતાની ભૂમિકા ભજવવામાં સતત નિષ્ફળતા તરફ ધકેલાઈ રહી છે.

ઘણા સંશોધકો, ન્યાયવિદો અને ધારાશાસ્ત્રીઓ આ બાબતને સાચી ગણી ન્યાય પ્રણાલીમાં સુધારાની દલીલ કરી રહયા છે. વિરોધપક્ષો, સાક્ષીઓ, અન્વેષણ અધિકારીઓ વગેરે ભ્રષ્ટ થઈ એકબીજા સાથે ભળી જવાથી સાચા પુરાવાઓ નાશ પામે છે અને ખોટા પુરાવાઓ ન્યાયાલયોમાં રજુ થાય છે, જે અંગે ન્યાયધિશ પણ મૌન રહે છે અને તેમની સતાનો પુરતો ઉપયોગ કરતા અચકાય છે અથવા જાણી જોઈએ તેની સતાનો પુરતો ઉપયોગ કરતા નથી, જેથી ન્યાયનો હેતુ માર્યો જાય છે. આ પ્રણાલીમાં એક પક્ષકાર પાસે જેટલી વિશેષ જાણકારી છે તેટલી જ જાણકારી બીજા પક્ષકાર પોતના સમર્થનમાં એકત્રિત કરે છે અને તે જાણકારી મેળવવા અને પોતાના પક્ષને વધુ મજબુત રીતે રજુ કરવા પક્ષકારો ભ્રષ્ટાચારની મદદથી સાક્ષીઓ ફોડવા, ધમકાવવા, મારવા, પુરાવાઓ નાશ કરવા, ખોટા પુરાવાઓ ઉભા કરવા, ન્યાયધિશો અને અન્વષણ અધિકારીઓ વગેરેને ભ્રષ્ટ કરવા વગેરે જેવા ગેરકાનૂની કૃત્યો કરે છે અને ન્યાયિક પ્રક્રિયાનો પ્રક્રિયાત્મક દુરપયોગ કરે છે, જે ન્યાયધિશ માત્ર મૂક દર્શક બની જોઈ રહે છે, જેની સીધી અસર આખરી ચુકાદા ઉપર પડે છે અને પરિણામે ઝડપી તથા યોગ્ય ન્યાયનો હેતુ ખતમ થઈ જાય છે.

આ પ્રણાલીમાં બંને પક્ષકારો પોત પોતાની તરફેણમાં એક જ બનાવ અંગે જુદા જુદા પુરાવાઓ રજુ કરે છે અને તેથી બંને પક્ષકારો વધુ ખર્ચ કરીને પોતાની તરફેણમાં ચુકાદો લાવવાનાં પ્રયત્નો કરશે. આ રીતે ન્યાય સતત મોંઘો બનશે તેમજ ખર્ચ ન કરી શકનાર પક્ષકાર નિર્દોષ અને પિડીત હોવા છતા ન્યાય મેળવી શકતો નથી. આ પ્રણાલીમાં પોતાની તરફેણમાં ચુકાદો લાવવા પક્ષકારો ઘણી નીચી કક્ષાએ પહોંચી જાય છે. અહીં ન્યાયધીશ બંને પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓના આધારે નિર્ણય કરતા હોય છે. અહીં ન્યાયધિશ પોતાના તરફથી કોઈપણ પુરાવો એકત્રિત કે રજુ કરતા નથી અને પક્ષકારોનાં પુરાવા ઉપર જ સંપૂર્ણ આધારિત હોય છે, જેથી તે પોતાની કોઈ સક્રિય ભૂમિકા ભજવતા નથી.

આ ન્યાય પ્રણાલી મુજબ આરોપીને શરૂઆતથી જ નિર્દોષ માની લેવામાં આવે છે, તેમજ આરોપી ઉપર લગાવવામાં આવેલ આરોપોને સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રાખવામાં આવે છે. તેમજ બનાવ બન્યા અંગેની તપાસ – અન્વેષણ કરવાની અને સાક્ષી પુરાવાઓ એકત્રિત કરવાની જવાબદારી રાજયની પોલીસને સોંપવામાં આવેલી છે. પરંતુ જયારે અદાલતમાં સાક્ષી–પુરવાઓ રજુ કરવા અંગેની પ્રક્રિયામા પોલીસ સમક્ષ કરવામાં આવેલ નિવેદનને ગ્રાહય રાખવામાં આવતુ નથી. જયારે ન્યાયધિશની કોઈપણ સક્રિય ભૂમિકા ન હોવા છતાંપણ તેમની સમક્ષ કરવામાં આવેલ નિવેદનને જ ગ્રાહય માનવામાં આવે છે. અહીં બચાવપક્ષને ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓ પડકારવાનો અધિકાર છે, જેથી આરોપીને અન્યાય થવાની સંભાવના ખૂબ જ ઓછી છે, જયારે ફરીયાદપક્ષને અન્યાય થવાની સંભાવના વધુ છે. આ પ્રણાલીમાં પક્ષકારો દ્વારા પુરાવાઓ એકત્રિત કરી તેનો અહેવાલ ન્યાયધિશને સોંપવામાં આવે છે. આમ આ કટ્ટરવાદી પધ્ધતિ અનુસાર એક નિષ્ક્રિય ન્યાયધિશ પાસે સાક્ષી પુરાવાઓ રજુ કરવામાં આવે છે અને તેના આધારે તે સાક્ષી પુરાવાઓ એક રૂઢીગત ઢબ પ્રમાણે તપાસવામાં આવે છે.

જયારે જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ (Inquisitorial Justice System) રોમાનો કાનૂન (Romano Germanic of Law) સાથે સબંધિત છે. જે સિવિલ લો સિસ્ટમ અથવા તો મહાદ્વિપીય કાનૂન પ્રણાલી નામથી પણ ઓળખાય છે. આ ન્યાય પ્રણાલી ફ્રાન્સ, ઈટાલી, જર્મની, બેલ્યમ, નેધરલેન્ડ, ડચ વગેરે દેશોમાં અમલમાં છે. તેનો ઉદેશ ન્યાયધિશ અને ન્યાયાલયોને સમાન અધિકાર આપવો અને ન્યાયિક પક્ષોને ન્યાય આપવાનો છે. ન્યાય નિર્માતા ( Decision Maker ) પોતે બનાવ અંગે અન્વેષણ ( Investigation ) કરવા અને સાક્ષીઓ તપાસવા અંગે સક્રિય ભૂમિકા ભજવે છે. આ પ્રણાલીમાં ન્યાયધિશ પોતે જ ન્યાય સુરક્ષિત કરવા માટે સક્રિય ભૂમિકામાં જ રહે છે. તેથી જ અહીં બચાવપક્ષને વધારે સ્વતંત્રતા આપવામાં આવતી નથી, છતાંપણ ન્યાયધિશને યોગ્ય લાગે તો બચાવપક્ષનાં પુરાવાઓ સ્વિકારી શકે છે. તેમ છતાં આ પ્રણાલીનાં પણ ફાયદા અને ગેરફાયદા બંને છે. જે આખરી નિર્ણયની સુધ્ધતાને દુર કરે છે. જો ન્યાયમૂર્તિ પોતાને સુરક્ષિત રાખવા માટે પક્ષપતી વ્યવહારી કરી શકે છે તેમજ બીજા પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓને નઝરઅંદાજ પણ કરી શકે છે. જો કે ન્યાયધિશે પોતાની જાણકારી ઉપર વિશ્વાસ રાખવો પડે છે કારણ કે, તે માહિતી પોતે મેળવેલી હોય છે. તેથી તે બાબતે ન્યાયધિશ ચુપ રહી શકે નહી. અહીં ન્યાયધિશ બચાવપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓ હંમેશા ધ્યાનમાં રાખે છે અને બચાવપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓને નઝરઅંદાજ કર્યા વગર જ સાક્ષીઓની જુબાનીના આધારે પોતાનો આખરી નિર્ણય સંભળાવે છે.

જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ ( Inquisitorial Justice System ) માં "સત્ય" શોધવાની અંતિમ જવાબદારી એક અધિકારી સંસ્થા ( Official Body ) ની હોય છે. જે ન્યાયિક અધિકારી ( Judicial Officer ) ની સાથે કાર્ય કરે છે અને આરોપી વિરૂધ્ધ પુરાવાઓ એકત્રિત કરે છે તથા સાક્ષી તપાસે છે. અહીં ન્યાયધિશ નકકી કરે છે કે અન્વેષણ ( Investigation ) કઈ રીતે કરવાનું છે અને તે અંગેની પ્રશ્નોતરી કરી પક્ષકારોને તેમાં સામેલ કરી શકે છે. તે પ્રાપ્ય જાણકારી સબંધિત કોઈ શંકા કે પ્રશ્ન હોય તો તેના ઉપર પણ તે નિર્ણય લાવી શકે છે. અહીં સાક્ષી બંને પક્ષકારો માટે મહત્વનાં હોય છે અને તે ન્યાયધિશ દ્વારા બોલાવવામાં આવેલ હોય છે. આ પ્રક્રિયામાં પક્ષકારો માત્ર રણનિતીનાં રૂપમાં ન્યાયધિશ સમક્ષ તેમણે પોતે એકત્રિત કરેલા સાક્ષી કે પુરાવાઓ રજુ કરે છે અને જરૂર જણાય તો ન્યાયધિશ તે પુરાવાઓ કે સાક્ષીઓને ધ્યાન ઉપર લઈ શકે છે.

અહીં બંને ન્યાય પ્રણાલીનો એક સાથે વિચાર કરીએ તો, એક પ્રણાલીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે, જેમાં આરોપી " ચુપ્પીનો અધિકાર "(Right to Silence ) નો આનંદ ઉઠાવે છે, જયારે બી પ્રણાલીમાં ન્યાયધિશ દ્વારા જ એકત્રિત કરવામાં આવેલા પુરાવાના બોજાનો પ્રશ્ન નથી. જેમાં બંને પક્ષકારો દ્વારા એકત્રિત કરવામાં આવેલા પુરાવાને ન્યાયધિશ ધ્યાને લઈ શકે છે. અહીં આરોપી ઉપર પુરાવાનો બોજો એક સંતુલિત વિકલ્પ છે. સંશોધકનાં વિશ્લેષણથી ખ્યાલ આવે છે કે વિરોધી ન્યાય પ્રણાલી ( Adversarial Justice System ) માં જણાવેલ પુરાવાના બોજાની જોગવાઈ અસંતુલન તરફ લઈ જાય છે. આરોપી ઉપર જ પુરાવાનો બોજો વિકલ્પ ન્યાયની સાચી રણનિતી દર્શાવે છે.વિરોધી ન્યાય પ્રણાલી (Adversarial Justice System ) માં બંને પક્ષકારોને રજુઆતની સમાન તક આપવામાં આવે છે, જયારે જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ ( Inquisitorial Justice System ) માં ન્યાયનો હેતુ ન્યાયધિશ ઉપર હોય છે. જેથી ન્યાયધિશની એક ખામી ખોટો નિર્ણય પણ લાવી શકે છે. જો ન્યાયધિશની સક્રિય ભૂમિકા અને બંને પક્ષકારોને સમાન તક આ બંને બાબતોને એક જ ન્યાય પ્રણાલીમાં સામેલ કરવામાં આવે તો બંને ન્યાય

પ્રણાલી બાબતે ખામી દુર કરી શકાય. આ બંને ન્યાય પ્રણાલી બાબતે સંશોધકના વિશ્લેષણ મુજબ જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ (Inquisitorial Justice System) ને ન્યાયમાં સહાયક, સાનુકુળ, યોગ્ય અને ન્યાયિક ચોકકસતા બાબતે વધારે સારી ન્યાય પ્રણાલી માનવામાં આવે છે. ખાસ કરીને અહીં ન્યાયધિશની સક્રિય ભૂમિકાના કારણે ભ્રષ્ટાચારનું ઓછુ પ્રમાણ હોવાના કારણે "ફોજદારી ન્યાય પ્રણાલીમાં કાયદાનાં પ્રક્રિયાત્મક દુરપયોગો" નું પ્રમાણ પણ ઓછુ જોવા મળે છે. પરિણામે ઝડપી, સરળ, સસ્તો અને યોગ્ય ન્યાય પક્ષકારોને મળે છે.

આ સંશોધન દ્વારા સંશોધક એક મિશ્રિત ન્યાય પ્રણાલી તપાસવા માંગે છે અર્થાત અન્વેષણ દરમિયાન સાક્ષી તપાસવા તથા પુરાવાઓ એકત્રિત કરવા ન્યાયધિશની પણ સક્રિય ભૂમિકા હોય અને તેમાં બંને પક્ષકારોને પણ સામેલ કરવામાં આવે તો વધારે અસરકારક ન્યાય પ્રણાલી અસ્તિત્વમાં આવી શકે છે. જેની મદદથી " ફોજદારી ન્યાય પ્રણાલીમાં થતાં પ્રક્રિયાત્મક દુરપયોગો" ( Procedural misuses in Criminal Justice System ) ને પણ દુર કરી શકાય છે.

એક પ્રશ્ન એ પણ ઉદભવે છે કે, શું "વિરોધી ન્યાય પ્રણાલી" (Adversarial Justice System ) એ " જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ" ( Inquisitorial Justice System ) જેટલી ન્યાયી બની શકે?

"કાંઈપણ સુધારવા માટે સુધારવાનો અર્થ છે, જે ખોટુ કે અસંતોષકારક છે તેને સુધારવું." ફોજદારી કાયદાઓમાં સુધારો એ માત્ર પરિવર્તનનો સમાનાર્થી નથી બનાવવો પરંતુ અહીં એ જાણવું પડશે કયાં સુધારાની જરૂરીયાત છે અને કેટલા પ્રમાણમાં સુધારાની જરૂરીયાત છે, હાલનાં કાયદાઓ અને ન્યયિક પ્રક્રિયામાં શું ખોટું કે અસંતોષકારક છે તે જાણવું પણ જરૂરી છે. હાલની ફોજદારી ન્યાય પ્રણાલીમાં સુધારા માટે જસ્ટીસ શ્રી મલીમથ દ્વારા એક અહેવાલ પણ રજુ કરવામાં આવેલ છે પરંતુ પ્રણાલીમાં સુધારો લાવતા પહેલા એ પણ નકકી કરવું પડશે કે શું ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલી ખરેખર સુધારા તરફ લઈ જઈ શકાય તેવી પરિસ્થિતીમાં છે? કારણ કે સુધારાની પહેલ કરનાર હંમેશા અન્ય રાષ્ટ્રનાં કાયદાઓ અનુસાર ભારતમાં પણ કાયદા આવે તેવી દલીલ કરતા હોય છે, પરંતુ જે દેશની પ્રણાલી ભારતની પ્રણાલીમાં દાખલ કરવાની રજુઆત થતી હોય તે દેશની પરિસ્થિતી અને ભારત દેશની પરિસ્થિતી સમાન છે? તે પણ એક મહત્વનો પ્રશ્ન છે.

સંશોધકોને ભારતની વિરોધી ન્યાય પ્રણાલી (adversarial Justice System ) ની જગ્યાએ જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ ( Inquisitorial Justice System ) આકર્ષિત કરી રહી છે અને તેથી જ ન્યાય ભારતની ન્યાય પ્રણાલીમાં સુધારાની સલાહ આપવામાં આવી રહી છે. પરંતુ આ માત્ર આકર્ષણ જ હોય તો સુધારાનો કોઈ અર્થ નથી કારણ કે તેનો અસરકારક અમલ પણ તેટલો જ જરૂરી છે. અહીં સંશોધકના મત મુજબ વિરોધી ન્યાય પ્રણાલી (Adversarial Justice System ) ફોજદારી કેસોમાં "તથ્ય" ( Fact) ને મહત્વ આપવામાં આવે છે, જયારે બી તરફ જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ ( Inquisitorial Justice System ) ફોજદારી કેસોમાં "સત્ય" (Truth) ને વધારે મહત્વ આપે છે. "તથ્ય" શોધનાર ન્યાય પ્રણાલી "તથ્ય" શોધવામાં એટલી અસરકારક નિવડી નથી, જેટલી અસરકારક "સત્ય" શોધનાર ન્યાય પ્રણાલી "સત્ય" શોધવામાં નિવડી છે. તેથી ઘણાં લોકોની ભાવના છે કે, વિરોધી ન્યાય પ્રણાલી (Adversarial Justice System ) હકીકતમાં અસરકારક રીતે "તથ્ય" શોધવા માટે કાર્યરત ન હોવાના

કારણે જો જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ(Inquisitorial Justice System)ના "સત્ય" શોધવાનાં હેતુને અપનાવવામાં આવે તો ખરેખર ન્યાયિક પ્રક્રિયામાં એક મોટું પરિવર્તન લાવી શકાશે.

"સત્ય" શોધવા માટે વિરોધી ન્યાય પ્રણાલી (Adversarial Justice System) સંપૂર્ણ બિન અસરકારક છે તેવી દલીલ પ્રથમવાર થયેલી નથી. પરંતુ ઈ.સ. ૧૯૪૦નાં સમય દરમિયાન જેરોમ ફ્રેંક અને ઈ.સ. ૧૯૭૦નાં સમય દરમિયાન મારવીન ફ્રેંકેલ આ પ્રકારની દલીલો કરી ચૂકયા છે. તેમણે કહયું હતુ કે " વિરોધી ન્યાય પ્રણાલી" માયં ચુપ્પીનો અધિકાર ( Right to Silence ) નો ઉપયોગ થાય છે, તેથી જ "સત્ય"ની શોધ માટે આવા પ્રતિકુળ ગણાતા નિયમો બદલવા જોઈએ."

બંને ન્યાય પ્રણાલીમાં વધારે અસરકારક કઈ પ્રણાલી છે, તેનો આધાર દેશનાં ન્યાયતંત્ર પર પણ રહેલો છે. તેથી જ આ સંશોધનમાં પહેલા પણ કહેવમાં આવેલ છે કે બંને ન્યાય પ્રણાલી અલગ અલગ પ્રક્રિયાથી ચાલે છે અને બંને ન્યાય પ્રણાલીમાં કેટલીક ખામીઓ પણ છે. જેમક, જ્ઞાસુ કે ઝીણવટભરી તપાસ પધ્ધતિ (Inquisitorial Justice System ) ફ્રાન્સ અને ડચ બંને રાષ્ટ્રોમાં અમલમાં હોવા છતાપણ જુદાજુદા પરિણામો જોવા મળે છે. ફ્રાન્સમાં આ ન્યાય પ્રણાલી ડચ કરતાં નબળી પુરવાર થઈ રહી છે. તેથી જ સંશોધક મિશ્રિત ન્યાય પ્રણાલીની રજુઆત કરે છે.

આ મુદો માત્ર ઘરેલું કાયદાનાં સુધારા માટે જ નહી પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદા માટે પણ મહત્વ ધરાવે છે. પૂર્વ યુગોસ્લાવિયા અને આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાલય માટે આંતરરાષ્ટ્રીય અપરાધી ટ્રિબ્યુનલમાં બંને જો સંશોધક એમ નકકી કરવા માંગતા હોય કે મિશ્રિત પ્રક્રિયા અમલમાં મૂકવાનો ઉદેશ યોગ્ય છે કે નહી તો બંને પ્રક્રિયાઓનાં પાસાઓ ઉપર વિચાર કરવો પડશે તેમજ "સત્ય" અને "તથ્ય" બંનેની શોધ ઉપર ધ્યાન આ સંશોધન દ્વારા બંને ન્યાય પ્રણાલી વિશે માહિતી આપવામાં આવેલ છે અને બંને ન્યાય પ્રણાલી અલગ અલગ પધ્ધતિથી કેવી રીતે કાર્ય કરે છે તે પણ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. તેથી અહીં કોઈ એક પ્રણાલીને અનુસરવાને બદલે બંને પ્રણાલીનાં સારા પાસાઓ ધ્યાને લઈ ભારતની હાલની ન્યાય પ્રણાલીમાં સુધારો કરવાનું સંશોધકનાં મતે યોગ્ય જણાય છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આપણે સીધા જ કટ્ટરપંથી સુધારાઓ કરતા પહેલા બંને પ્રણાલીનાં પાસાંઓ સારી રીતે ચકાસી લેવા જોઈએ. જે આ સંશોધનમાં ચકાસવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

**Reference**

1. News papers
2. Malimath Committee Report